ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ.ગાંધીનગરને પ્રથમ હપ્તા પેટે શેરમુડીની ગ્રાન્ટ ફાળવવા બાબત. રૂ.૨૫.૦૦ લાખ વર્ષ ૨૦૨૨-૨૩

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૭/૩૨૫૨૫૦/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૮/૦૬/૨૦૨૨

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃSJED/CNI/e-file/17/2021/0001/B

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૦/૦૫/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ/૨૨-૨૩/૫૭૦

ઠ રા વઃ-

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૦૭/૦૪/૨૦૨૨ ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં શેર મૂડીની ગ્રાન્ટ પેટે રૂ. ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા.૧૦/૦૫/૨૦૨૨ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે આ બજેટ જોગવાઇ મુજબની રૂ. ૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની પ્રથમ હપ્તા પેટે રૂ. ૨૫.૦૦ લાખ (અંકે રૂપિયા પચ્ચિસ લાખ પુરા)ની શેર મુડીની ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ સને ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં મંજૂર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃSJED/CNI/e-file/17/2021/0001/B પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૦૭/૦૪/૨૦૨૨ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૬/૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ.કે.પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બજેટ અને <u>કોમ્પ્યુટર સેલ શાખા),</u> સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨